ભયંકર ભૂતાવળી.

રચનાર

માસ્તર નાનાલાલ મગનલાલ.

ખુસાપારેખની પોળ, અમદાવાદ

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર મનસુખલાલ મગનલાલ.

(આવૃત્તિ પહેલી.)

अमदावाद

મદનગોપાળની હવેલીમાં સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસમાં

વસંતરાય છોટાલાલ મહેતાએ

છાપી.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

કીમત રૂ. ૦-૧૨-૦

ભયંકર ભૂતાવળી.

રચનાર

માસ્તર નાનાલાલ મગનલાલ.

ધુસાપારેખની પોળ, અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર મનસુખલાલ મગનલાલ.

(આવૃત્તિ પહેલી.)

अमदावाद

મદનગોપાળની હવેલીમાં "સૂર્યોદય" પ્રેસમાં

રસિકલાલ છોટાલાલ મહેતાએ

છાપી.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

કીમત રૂ. ૦-૧૨-૦

આ પુસ્તક સને ૧૮૬૭ના ૨૫ મા એકટ મુજબ રજીસ્ટર કરાવ્યું છે
માટે પ્રસિદ્ધ કર્ત્તાની રજા વગર કોઇએ છાપવું અગર છપાવવું નહીં.

પ્રસ્તાવના.

વિવેકી વાંચનાર! આજ સુધી મારી તરફથી મંત્રવિદ્યાનાં જે જે પુસ્તકો બહાર પડ્યાં છે તેમાં આ પણ એક વધારો કરનાર થઇ પડ્યું છે; અને હજી પણ બનશે તેટલી મહેનત કરી મને જે જે બાબતો મળતી જશે તે હું બેધાશક બહાર પાડીશ, કારણ કે આપ જાણો છો કેઃ—

प्रारभ्यते न खलु विघ्नभये न नीचः
प्रारभ्य विघ्नवहिता विरमंति मध्याहाः
विघ्नैः पुनः पुनरपि प्रातिहन्यमानाः
प्रारब्धमुत्तम जनान परित्य जन्ति.

અર્થ—વિધ્નો નડશે એવી ધાસ્તીથી હલકા લોક કામનો આરંભજ કરતા નથી; મધ્યમ લોક વિધ્નો આવી પડવાથી આરંભેલું કામ છોડી દે છે; પણ ઉત્તમ લોકો તો વિધ્નો પુનઃ પુનઃ આવી પડે તોપણ આરંભેલું કામ પાર પાડ્યા વગર અધવચ છોડતા નથી.

યુરોપખંડમાં રાજ્યવ્યવસ્થા ને વિદ્યાપ્રસાર એ સુધારાને શિખરે પહોંચ્યાથી, તે તરફના લોકને બુદ્ધિ, વિદ્યા, શૌર્ય, ચાતુર્ય ઇત્યાદિ ગુણો સ્હેજ પ્રાપ્ત થયા છે. અને જે આગળ દશે દિશાએ વખણાએલી આર્ય પ્રજા તે આજ આખલા જેવી અજ-

સ્થામાં આવી પડી છે. શું કાળની બલિહારી છે! વિદ્યાવેલીને ફરમાવવાથીજ તેમની આ દશા થઇ હશે.

મરાઠીમાં લખાયેલું **ભૂતવિદ્યા** પુસ્તક ઘણું લોકપ્રિય થઇ પડવાથી ટુંક મુદતમાં તેની નકલો ખપી ગઇ. તેથી ગુજરાતી વાચકવર્ગના હિતાર્થે આ પુસ્તક છપાવવાની મારી ઇચ્છા દૃઢ થઇ. મારાં અન્ય પુસ્તકોની માફક આ પુસ્તક પણ લોકપ્રિય થઇને બીજી આવૃત્તિનો પ્રસંગ શીઘ્ર આવશે તો જરૂર એમાં હું સુધારો વધારો કરીશ અને મારા વાંચનારને આનંદ પમાડીશ.

લી. સેવક

માસ્તર નાનાલાલ મગનલાલ

રૂપાંતર કર્ત્તા.

ભયંકર ભૂતાવળી.

હનુમંતનો મંત્ર.

हनमंता बळवंता जेने ताता तेल चडंता,
जे नर आवे मार मार करंता ते नर आवे पाय
पडंता. इंद्र कहांसे आयो मेरु परवतथी आयो,
कुण लायो गवरी पुत्र गणेश लायो.
कुणके काजे वीर हनमंत के काजे,
हनुमान बंका मारे डंका मुठ चोट डाकणीशाकेणी.
मांथे हाक वगाडे बीर हनमंता कागल पतर रोल
भोल जती, सतीकी मदगती सौने मांथे फारग-
ती चल चल वेरी झांपडा. डंडेरी पडे जळे थळे
नवकुळ नागकी आण फीरावे मेरा हंकारा,
पीछा फीरे तो मात अंजनीका दुध हराम करे

राजा रामचंद्रजीकी आज्ञा फीरे.

ક્રિયા—આ મંત્ર સાધતી વખતે રવીવારે ઉત્તર તરફ મુખ રાખી બેસવું. સામે હનુમાનની પ્રતિમા પધરાવવી, તેની જમણી બાજુ ઘીનો દીવો તથા ડાબી બાજુ તેલનો દીવો કરવો જપ ત્રણ હજાર વખત સાત દીવસ સુધી કરવો બ્રહ્મચર્ય વ્રત પાળવું એટલે સ્ત્રી સંગ ન કરવો તથા સાતે દિવસ એક જગ્યાએ મુકામ રાખવો ગુગળ તથા અગરબત્તીનો ધુપ કરવો તથા ખાવામાં શેર લોટમાં દોઢપાશેર ઘી તથા દોઢપાશેર ગોળ નાંખી પોતાથી ખાઇ શકાય તેટલી કુલેર કરવી તેમાંથી પહેલું નીવેદ ધરાવી એક કોળીઓ જપમાં નાખવો પછી પોતે જમવું અને તેમ કરતાં કદાપી વધે તો તે જમીનમાં ભંડારી દેવો.

પીરનો મંત્ર.

भीसमल्ला रहेमान रहीम जाल जाल महा जाल, त्रांबेका कोट लोहकी जाल तन रखे नबी शीशरखे शुभान. अल्लाह दस्त रखे मर्तुजा अली दाम मदार बाह्य मदार, आगे मदार पीछे मदार खदम खदमपे मदार मदार, आधार चश्मेकु जो दीलकु करार सफे फुल बाला देफ. बरहकल्ला इल्लाह महमंद या रसुल इल्लाह.

ક્રીયા—આ મંત્ર સાધનાર માણુસે લોબાનનો ધુપ કરી એકસોને આઠ વાર આ મંત્રનો જાપ કરવો જેથી ભુત પ્રેત કે ડાકેણુ શાકેણુ લાગશે નહીં અને અંગની રક્ષા કરી સર્વદા સુખ શાંતીમાં રાખશે.

હનમંતનો મંત્ર.

ओम् हनमंताय नम ओम् न्हीं न्हीं न्हीं रामदुतं रणमीतं रावण खेदनार्थें शत्रु बं बं बं बं बाळ रुपं त्रपत गीरिवरम कंपातम सुर्ये मं मं मं मं मंत्र सीधम कपीं बळ सहीतम म्रदनी शाकनी यं न्हों न्हों कार रुपं हनुमत हणीतम हणीतम शत्रु सैन्यः

ક્રિયા—આ મંત્રનો સહસ્ર વખતે જાપ કરે તે માણુસના શત્રુનો સત્વર નાશ થાય એ વાતમાં સંદેહ નહીં.

ચોર પકડવાનો મંત્ર.

ओम् नमो श्री क्रीं क्री प्लु पुर्व दीशा हुती आव्या चोरवा चीह आरंडती आवी गाजंत आवी नवसे नव्वाणुं नदीओ सोसंत आवी तथा चो-

रस्म कंठ शोखी शोखी बापु प्रचंड समुद्रका वीसी शकंती स्कुरो मंत्र इश्वरी वाचा सत्य गुरुका मंत्र हो साचा.

ક્રિયા—આ પ્રમાણે એકસો ને આઠવાર મંત્ર ભણીને ચોખા મંત્રવા પછી જે જે માણુશના ઉપર આપણુને વ્હેમ આવતો હોય તેમને આ ચોખા ચવરાવ્યાથી જેણે ચોરી કરી હશે તેના મ્હોમાંથી લોહી પડશે અને ચોર ઝટ ઝલાશે.

વશીકરણ મંત્ર.

आकाशकी जोगणी पातालका नाग
उडजा अंबी तुं फलाणेको लाग
उठे सुख न बेठे सुख फीर फीर देखे मेरा मुख
हमकु छोड दुशरा पास जाय तो कादी कलेजा
नारसंग वीर खाय.

ક્રિયા—આ મંત્ર એકવીસ વખત બોલી અબીર ને ગુલાલની ધુંણી દઇ જેના મોહુપર તે અબીર નાંખે તે પોતાને વશ થાય.

વીંછીનો મંત્ર.

ओम् आदित्य रथ वेगे न विष्णु बाहु बलेनचा

सुपर्ण पक्षपातेन भुम्या गच्छ महा वीष॥
जोग पक्ष जोग पदाज्ञा श्री शीवोत्तम प्रभुपदाज्ञा
भुम्यां गच्छ महाव्वीष॥

ક્રીયા—જે માણુસને વીંછી કરડયો હોય તેને વીંછી કરડેલી જગ્યાએ આ મંત્ર ભણી એકવીશ વેળા ઉઝણી નાંખે તો ઝેર ઉતરી જાય.

સાપનો મંત્ર.

ओम नमो भिसमिल्ला रेहेमान रहीम
खोदा कहे सुनो महंमद सापनके मुख केसा हे
रसुल कहे सुनो महमद जामलीया घर बेठाछे
दांम चांमल पेदीमां मणी मुस्तक धरे
हाय मारो हाका भीस मीजले एगो हुनर बंदोबस्त
करे खोदा ते सही छे॥

ક્રીયા—આ મંત્ર એકશો આઠવાર ભણી બત્રીસો ધુપ તથા લોબાનનો દદ ઉજાણી નાંખ્યાથી વીખ ઉતરી જાય અને આરામ થાય.

આદોશીનો મંત્ર.

ओम् नमो कालीदेवी किलकिल वामी मृचा

भासे। हनमंतवीर हाक मारे आधासीसी अध-
कपाळी नास्यजा नारी पापणी जाजारी हत्यारी
न जाय तो तेरे गुरुकी आज्ञा हनमंत वीरकी
आज्ञा ॥ गुरु पंखकी आज्ञा मेरी भक्ति गुरूकी
शक्ती स्फुरो मंत्र इश्वरी वाचा सत्यगुरुका मंत्र
साचा ॥

ક્રિયા—આ મંત્ર વદ ચઉદસે સાધવો અને પછી જ્યારે તે ઉપયોગમાં લેવો હોય ત્યારે એકવીસ વખત જપવાથી ગમે તેવી આધાશીશી ઉતરી જઇ આરામ થાય.

મોહિની મંત્ર.

ओम् नम केद्सांबरी ज्वालनी मालनी
सर्व लोक वश करणी स्वाहा ॥

ક્રિયા—આઠમને દિવસે ભોજપત્ર ઉપર ગોરોચંદનથી આ મંત્ર લખવો, અને એકસો આઠ વખત તે વખતે ગુગળનો ધુપ તથા ઘીનો દીવો કરવો. એ રીતે સિદ્ધ કર્યા પછી તે મંત્ર માદળીઆમાં ઘાલવો અને તે પાસે રાખીને જ્યાં જાય ત્યાં માન પામે.

પરદેશમાં લાભ આપનાર મંત્ર.

॥ ओम् अमृतो द्भवे अमृते श्रावय श्रावय मम मान सन्मान लाभ देही स्वाहाः ॥

ક્રિયા—કોઇપણ ગામમાં પ્રવેશ કરતાં અગાઉ સાત વખત કાંકરા મંત્રી પાદરના ઝાડ મારવાથી અતિશય લાભ થાય.

મોરલી બંધ કરવાનો મંત્ર.

॥ ओम् नमो विख खाऊ विख विंदु
विखकी बांधुं खाडी उपर डमर छाया
हाथे लिया बबकार साखोसाख हनमत गाजे
जो पुगी वागे तो अढार देवी देवता लाजे
बावन वीर लाजे वादी आया वादकु पूगी
बांधुं नाद ऊसूर बांधुं सबंद बांधुं
पुगी वालाका गाल बांधुं बरफ तुमडी काटे नाली
मुढवा है भैरव काल ॥

ક્રિયા—આ પ્રમાણે સાત વાર મંત્ર ભણી વાદી (મદારીની મોરલી કે ડાકલીપર મારે તો મોરલી અને ડાકલી બન્ને વાગતાં ભર સભા વચ્ચે એકદમ બંધ થઇ જાય.

કમળાનો મંત્ર.

ओम् नमो लोहसरे कमळ उतरे
ब्रह्मा विष्णु महेश्वर त्रिणी हरे.

ક્રીયા—આ મંત્ર સાતવાર ભણી કાંસાની થાળીમાં સોયથી કમળો ઉંજવો અને પાણીમાં સોય નાંખી ખાટલા નીચે મુકવી અને સવારે પાણી પીવું જેથી કમળો ઉતરી જાય.

ભયહારક મંત્રં.

ओम लोहवज्र केरा कोठा तेनी मांही मेरा वज्र पेठा
ते उपर वीर हनुमान बेठा ठंः ठं ः स्वाहाः ॥

ક્રીયા—આ મંત્ર એકવીશવાર ભણી દોરે ગાંઠો દેવી અને તે દોરો હાથે કે ગળે બાંધી જ્યાં જાય ત્યાં ચોર લુટારા કે જનાવરનો ભય ઉપજે નહીં.

આંખ્ય દુઃખતી મટાડવાનો મંત્ર.

ओम् नमा भगवतेकास्मीरी भगवती ब्रह्मचारीणी
अमुकस्य अमुरोगं प्रणस्य ठंः ठंः स्वाहाः ॥

ક્રિયા—આ મંત્ર એકસો આઠ વાર જપી લુણ દળી પાણીમાં નાખે તથા કુવારી કન્યાએ કાંતેલા સુતરનો દોરો સાત સેરો કરી તેને મંત્રી સાત ગાંઠો વાળી જમણે હાથે બાંધવાથી આંખ દુખતી મટી જાય.

ડાકેણુ બોલાવવાનો મંત્ર.

॥ ओम् नमो महाकाया जोगीनी जोगीनी पार साकीनी कल्पवृक्षाय दुष्ट जोगिनी सिद्ध रुद्राय काल दंडन साध्य साध्य मार्च मार्च चुर्च अपहर अपहर साकीनीसे परीवार नमः ऑं न्हीं ॥ ६ ॥ ऑं न्होदन्हो न्हीं फट स्वाहाः ॥

ક્રિયા—આ મંત્ર પવિત્ર થઇ સાત વાર ગુગળને મંત્રીને ખાયણીઆમાં નાખી સાંબેલાથી ખાંડે તો તે ઘા ડાકણને વાગે. આ મંત્ર ભણી છીપાણ મુડે તો ડાકણનું માથું મુંડાય તથા અડદ મંત્રીને છાંટે તો રમે અને પાણી કરી આંખોમાં છાંટે તો તે તરત બોલે.

મંત્રસાધન વિધી.

જો મંત્ર સાધવો હોય તો જે દિવસે અથવા રાત્રે ગ્રહણ મધ્ય ભાગે આવે તે વખતે, અથવા નદી, તળાવ કે સમુદ્રમાં સ્નાન કરી ગળા સુધી પાણીમાં રહી, અથવા આદિતવાર (રવિવાર), મંગળવાર યા શનિવારને દિવસે સ્મશાનભુમીએ રાત્રીને વખતે જઇ જે મંત્ર સાધવો હોય તે ૧૦૮ વાર (વખત) ગોખવો, એટલે તે સિદ્ધ થશે. પણ જે જગ્યાએ મંત્ર સાધવા બેસીએ તે જગા તપાસી ગાયનું છાણ તથા માટી લેઇ લીંપી પાવન કરી ઉપયોગમાં લેવી.

તેમ સિદ્ધ કરતી વખત નક્ષત્ર જોવરાવવું. સાધવા બેસતી વખત "હિફાજત મંત્ર" બોલતાં બોલતાં બેસવાની જગાની આસપાસ પાણીનું ગોળ કુંડાળું કરવું કે જેથી ભુતપ્રેતાદિક યક્ષો કોઇપણ સાધતી વખતે વિઘ્ન કરી શકે નહીં. આદ પલાંઠી વાળી એક પાટલાપર બેસવું તથા સામેના એક બાજોઠ (મોટો ને ઊંચો પાટલો) મુકી તેના પર ઘીનો દીવો કરી કાળી અગરબત્તીનો ધુપ કરી મંત્ર સાધવો શરૂ કરવો. તેમજ હું મંત્ર સાધવા જાઉં છું એવી ખબર પોતાનાં ઘરનાંને આપવી, કારણકે તેઓ શોધ ખોળ કરવા નીકળે નહીં. અને બનતાં સુધી પાસેની પોલીસને પણ ખબર આપવી કે જેથી અડચણ પડે નહીં. દરેક મંત્ર આ પ્રમાણે ફરી ફરી સિદ્ધ કરવો, જેથી તે ફાયદાકારક નીવડે.

મંત્રની વનસ્પતી સાધન.

જે જે વનસ્પતી મંત્ર જંત્રના ઉપયોગમાં લેવી પડે તે વનસ્પતી સનીવાર અથવા મંગળવારની સાયંકાળે (સંધ્યા સમય) અથવા પરોઢીયામાં વ્હેલા ઉઠી લાવવી; તે લેવાની જતી વખત કોઇની સાથે વાત ન કરતાં મુંગે મોઢે જવું આવવું આ પ્રમાણે કર્યા સીવાયની વનસ્પતી બીલકુલ કામમાં આવશે નહીં. અને જંત્ર મંત્ર નીષ્ફળ જશે.

વીંછી ઉતારવાનો મંત્ર.

भिसमील्ला रहिमान रहिम, पीर पेगंबर रसूलके

मालाइर, इश्वर ह्मणजे उतराव, विंछु उतरो राजा रामकी दुवाइ, गुरुकी संगत मेरी भगत, स्फुरो मंत्र इश्वरी वाचा.

વિધી—આ મંત્ર એકવીશ વખત જપવો. બાદ કોઇને વીંછી કરડયો હોય તેને જ્યાંસુધી ચડયો હોય ત્યાંથી તે ડંખ સુધી (વિભૂતી (રાખ) વતી ઝાડકતા જવું ને એક એક મીનીટે કરડેલી જગ્યા જરા આસ્તેથી જમીનપર અફાળતા જવું એટલે થોડી વારમાં વીંછી ઉતરી જઇ ડંખમાં આવશે.

વીંછીનો મંત્ર બીજો.

ओम नमो सुरहगाय परबतपर जाय सुरःचरे सुको घमळ, सुरह गायने गोबर कीयो जाये उपना वींछु सात. कालौक कलवाल्यो सांप सरपनी घौलौ हये उनी लैपिलो उतरे ताड तारुं नहीं गरुड मोरको हंकारु॥

વિધી—આ મંત્રને સાતવાર ભણી પાણીથી ભરેલા પાલપર ફુંકો મારવી બાદ એકવીસ વખતે તેનાપર મંત્ર ભણી મંતવું અને પછી તે પાણી જેને કરડયો હોય તેને પાવાથી વીછી ઉતરી જાય.

વીંછીનો મંત્ર ત્રીજો.

काव्या विंछु कवेड पाय, उत्तर विंछु पातारमें जाय,
गुरुकी शक्ति मेरी भक्ति, चलो मंत्र इश्वरी वाचा॥

વિધી—આ મંત્ર ભણતાં ભણતાં રખ્યાળી કરડેલી જ ગ્યાએ ઝાડકતા જવું, એટલે ઝેર ઉતરી જશે તથા આમલી ની ડાળેથી ઝાટકશો તો પણ વીંછી ઉતરી જશે.

વીંછીનો મંત્ર.

अरे! अरे! विंछु होता कोठे, वारुपी होता होता
लइए खुंटी कांग तिडक जोर तजाय न ऊतरे
तरतुला गुरुकी आंण, मगळाची आंण, स्फुरो
मंम इश्वरी वाचा, सत्य गुरुजीकी मंत्र हो साचा॥

વિધી—આ મંત્રને સાતવાર ભણી લૂગડા અથવા રૂમાલને વળ ચડાવવો ને મંત્ર પુરો થયે તે લૂગડાં જમીનપર પછાડતા જવાથી સ્હેજવારમાં વિંછી ઉતરી જશે.

સાપ ઉતારવાનો મંત્ર.

ओम नमो गुरु महेश्वरा सी सीअवकायाकीपाणी॥
पयाली अव कीइ होउ नीवीष॥ न होउ बाली

का हार ॥ आज्ञा गुरु गोविंद कार ॥ कोटी आ-
ज्ञा हय गुरुकी शक्ती मेरी भक्ती ॥ चलो मंत्र
इश्वरी वाचा ॥

વિધી—આ મંત્ર ભણી સાતવાર પાણી મંત્રી કરેલા સખસને છાંટવાથી તે તત્કાળ બેઠો થશે. પણ આ મંત્ર સાધનારે—વંતાક, મોગરી, જાંબુ વીગેરે કાળુ ફળ ફળાદિ કે અંન ખાવું નહી. તથા કીડી મંકોડાની હાર, પાણીના રેલા અથવા આડું લાકડું પડેલું ઓળંગવું નહી. અથવા કાળા લુગડાં પેહેરવાં નહીં કે બીજા કોઇપણ કામમાં લેવાં નહીં. નહીતો મંત્ર વ્યર્થ જશે.

ઇંદ્રજાળ મંત્ર.

ओम नमो नारायणाय विश्वंभराय इंद्रजाळको
तुकाने दर्शद कुरु सिद्ध कुरु स्वाहाः ॥

વિધી—પવિત્ર થઇ આ મંત્ર કોઇપણ મંત્ર સાધતા પેહેલાં પાણીનું કુંડાળું કરતાંકરતાં જપવો જેથી વિઘ્ન ન આવે.

દ્રષ્ટી (નજર) નો મંત્ર.

बांधुं बांधुं नजर बांधुं दुस्मनकी आंख बांधुं ॥
आंखकी कमान बांधुं जाबेजा उतरजा ॥

लगी नजरसो वाचा चुके तो वीर हनुमानकी ॥
ओर लछमन गुरू गोरखनाथकी आण फीरे ॥
स्फुरो मंत्र इश्वरी वाचा सत्यगुरुका मंत्र साचा ॥

વિધી—આ મંત્ર અગીઆર વાર (વખત) ભણી ભસ્મ મંત્રી જેને નજર લાગી હોય તેના કપાળે, હથેળી-માં તથા પગના તળીએ લગાડવાથી ઉતરી જાય. તથા શનીવારે સાત વાર જપી દોરાને સાત ગાંઠો વાળી તે દોરો ગળે બાંધ્યો હોય તો કદાપિ નજર લાગવાનો ભય રહેજ નહીં.

દ્રષ્ટીનો મંત્ર ૨ જો.

ओम् नमो गुरु आदेश ॥ तुझा नामे भूत पळे प्रेत पळे ॥ खवीस पळे सब पळे अरिष्ट पळे ॥ न पळे तर गुरु गोरखनाथकी बंद मारी चले गुरुकी संगत मेरीभगत ॥ स्फुरो मंत्र इश्वरी वाचा ॥

વિધી—આ મંત્ર સાત વાર ભણી વિભુતી મંત્રી ઉપર પ્રમાણે લગાડવાથી નાના બાળકોને લાગેલી નજર ઉતરી જાય છે.

આધાશીશીનો મંત્ર.

ओम् नमो दुघटातो वनमें बसे तिपटा बसे कवाय ॥

शीशी परडी करी चालीए आदाशीशी जाय ॥

વિધી—રવિવારે સાંજે પાણી લઇ આ મંત્ર સાત વાર જપી પાણીને સાત ફુંકો મારવી. પછી તે પાણી આદાશીશી ચઢી હોય તેને માથે છાંટવાથી શાંતી થાય.

આદાશીશીનો મંત્ર ર જો.

ओम् नमो गुरु आदेश गुरुकी चेली करकर ठेली॥ चेली ॥ वो हनुमानजीकी हाक वागे ॥ अर्ध- शीशी नामे ॥ गुरुकी शक्ति मेरी भक्ति। चलो मंत्र इश्वरी वाचा सत्य गुरुजीका मंत्र साचा.

વિધી—આ મંત્રને સાત વાર બોલી જેને ચડી હોય તેની ભમરને સાત વાર વિભુતી (રાખ)ની ચપટી જોરથી ભરી ફુંકો મારવાથી ઉતરી જાય.

દાઢ દુખતી મટાડવાનો મંત્ર.

ओम् नमो कामरू देश कमला देवी, ज्यां बसे इस्मायल योगी, इस्मायल योगी पाळी गाय, नित्य उठी वनमें चरवा जाय, बनमें चरे सुको घुमडज गायने गोबर कीयो, ज्यामें निपज्यो

कीडा सात, सुन सताला पुछ पुछाला, घड पीला मुंह काला हाढ दांत गाले मसुदा, गाले मसुदै पीडा करे तो गुरु गोरखनाथकी दुवाइ फीरे ॥

વિધી—આ પ્રમાણે મંત્રને ત્રણ વાર બોલી લોઢાના ખીલાને મંત્રી પીપળાના ઝાડે ઠોકવો. આ પ્રમાણે સાત વાર કર્યાથી દાઢ દુખની મટી જાય.

આંખ દુખતી મટાડવાનો મંત્ર.

ओम् नमो झल मल जहर भरीत लाइ अस्तायल पर्व आइ फुटे न पाके करै न पाडायली हनुमंत राखै हीडा ॥

વિધી—આ મંત્રને સાત વાર ભણી લીંબુના ઝાડના ડાળાવતી ઝાડકવાથી શાંતી થાય છે.

અંગે ધ્રુજ ચડતી મટાડવાનો મંત્ર.

ओम् नमो सारकी छुरी धारकावान हुक न चन्तर मुरशद जवानकी आण ॥

વિધી—આ મંત્રને સાત વાર જપી છરી વતી ઉતારવું. બાદ છરીને જમીનપર જોરથી અફાળવાથી દુઃખ મટે.

દેહ રક્ષક મંત્ર.

ओम् परब्रह्म परमात्मने मम शरीरे पाहा पाहा कुरू कुरू स्वाहाः ॥

વિધી—આપણાપર કોઇ મુઠ, ચોટ, મારવાનો શક હોય તો તેના પહેલાં આ મંત્રનો ૧૦૮ વાર જપ કરવો; જેથી કાંઇપણ વિઘ્ન નડશે નહીં.

ભૂતાદિ ઉતરવાનો મંત્ર.

ओम् नमो आदेश गुरुको हनुमंत बीर बजरंगी ब्रजधर डाकीनी शाकीनी, भूत, प्रेत, जिन्दको ठोर ठोडकर मार मार नहीं मारे तो निरंजन निराकारकी दुहाइ ॥

વિધી—શનિવારના દીવસે દરરોજ આરતીની (હનુમંતની) પુજા કરી આ મંત્ર ૧૨૧ વેળા જપવો. આ પ્રમાણે એકવીસ શનિવાર સુધી કરવાથી મંત્ર સિદ્ધ થશે. પછી જ્યારે ભુત ઉતારવાનું હોય ત્યારે અડદના દાણા મંત્રી છાંટવાથી ભુત ભાગી (નાશી) જશે. સાધનારને

સુચના—આ મંત્ર સાધતી વખતે હનુમંત તમને અનેક રૂપ બતાવી ડરાવે તે વખતે નિર્ભયપણે ડરવું નહીં અને આ-

ખું કામ કરે જવું. જો ડરશો તો ગાંડાપણું પ્રાપ્ત થશે માટે સાવચેતી રાખવી.

તાવનો મંત્ર.

ऑशमानका तारा, पवनकामारा, दुश्मन नावका शीर मारा, सवा घडी तीन पहरमें नहीं मारे पीछे फीरे तो नुनीकुंड चमारकुंडमें पडे, कुंवारी कन्याको विटालनो पडे॥ स्फुरो मंत्र इश्वरी वाचा, सत्य गुरुका मंत्र साचा॥

વિધી—આ મંત્રને સાત વાર ભણીને દોરાને સાત ગાંઠો વાળીને દોરો તાવવાળા માણસને ગળે બાંધવાથી તાવ ઉતરી જાય. ચેતવણી—દોરાને ગળે બાંધતી વખત ધુપ દેવો. તથા તથા મંત્રીને તથ્યાર કર્યો પછી તે દોરો ભોંય મુકવો નહીં.

ધંધો વધારનાર મંત્ર.

काली कंकाली महाकाली, सर्व सुंदरी जीवे वहाली चार वीर भैरु चौरासी, तब तो पुजुं पान मिलाइ अब बोलो कालीकी दुहाइ॥

વિધી—હરરોજ પ્રાતઃકાળે સ્નાન કરી સ્વચ્છ થઇ આ મંત્ર ૪૯ વાર જપવાથી ધંધો સારો ચાલશે ને ઘણો નફો મળશે.

સભામોહિની મંત્ર.

राइ शीरसीम साखाफुली धौली दुबमंगा बेरेबांटे.
कूटी अंग मरदन कीजे ताने पाणी नाहावे.
मस्तक तिलक करे केशरीको राजदवारे जोवैर
देखी सभा सळको मनमोहै वे री मोही विगोवेरे॥

બીધી—આ મંત્ર સભામાં જતાં પહેલાં ચાર વાર ભણવો.

શાંતી પ્રચારક મંત્ર.

ओम नमो आदेश गुरुक्‌॥ बाल रखे बालनी॥
कपाल रखे जोगीनी॥ मुख रखे कुंभकर्ण॥
पीठ रखे विभिषण॥ नख रखे नरसिंह॥
कलेजा रखे काळी भवानी॥कंबर रखे कंबारका देव॥
पीड रखे गोरखनाथ॥ पडा प्राण सात रखे गुरुके

पास॥ गुरुकी शक्ति मेरी भग्ती॥ चलो मंत्र इश्वरी वाचा॥

વીધી—આ મંત્ર સાતવાર ભણી ભભુતી મંલી શરીરે લગાડવી જેથી ગુપ્ત રોગાને શાંતી થશે.

ઝેર ઉતારવાનો મંત્ર.

गंगा गोरी दोउ राणी, टांकण मारी करो वीष पाणी. गंगा वाटे गौरी खाइ, आठारा भार विष निर्विष हो जाय. गुरुकी शक्ति मेरी भक्ति, स्फुरो मंत्र इश्वरी वाचा.

વીધી—પાણીનો પ્યાલો લઇ મંત્ર સાતવાર જપી ફુંકો મારી તે પાણી પાવાથી ઝેર ઉતરી જશે.

પૈસા ઉડાડવાનો મંત્ર.

ओम नमो हनमंत विर हुवा, हुलासा चलरे पैसा रुखा विरखा तेरा बासा सबकी द्रष्टी बांधा दे मोही मेरा मुख जांवे सबको यआव करां बांदी रोवै भरी सभामे सोहिवी गोवे.

વીધી—આ પ્રમાણે મંત્ર ભણતાં રસ્તા પરની ધુળનાં ચપટી ભરી પૈસાપર મારવી.

જે વનસ્પતી મંત્રના ઉપયોગમાં લેવી પડે તે સનીવારે સાયંકાળ [સંધ્યાકાળે] અથવા મંગળવારે પ્રભાતમાં વ્હેલા ઉઠી લાવવી. ત્યાર સિવાયની વનસ્પતી ઉપયોગમાં આવશે નહીં. ને મંત્ર નિષ્ફળ જશે.

મંત્ર વર્ગ સમાપ્ત.



વિશેષ માહીતી માટે ભૂત વિદ્યા વાંચો.

લી. ભાષાંતર કર્તા.

તંત્ર પ્રયોગ.

અથવા.

જાદુઇ વિદ્યા પ્રકાશ.

તંત્ર ૧ લો.

અડધા કલાકમાં આંબો ઉગાડવો.

અંકોળના તેલમાં કેરીના ગોટલાને પલાળવો પછી તેને કાળી માટીમાં વાવવો ને તેનાપર વારંવાર ચણાના ખારનું પાણી છાંટતાં રહેવું તો સહેજ વારમાં આંબો ઉગી નીકળશે. ને જોનાર તમને શાબાશી આપશે. અંકોળનું તેલ વડોદરામાં ઘણું મળે છે.

તંત્ર ૨ જો.

નાળીયેર પોતાની મેળે ફુટે.

એક સરસ લીલું પાણીછલું નાળીયેર લેઇ તેની ઉપરના છોતરાં કાઢી નાંખવા માત્ર એક છેડે જરાક ચોટલી રાખવી બાદ તે નાળીયેરને થાળીઆ અથવા આકડાનું દૂધ લેઇ ગોળાકારે પટ દેવો એવા એવા સાત પટ દેઇ તે નાળી

ચેરને ખુબ તાપ પડે તે વખતે તડકે મુકશો તો તડાક દેઇ એની મેળે ફુટી જઇ અંદરથી ટોપરાનો ગોળો નીકળી આવશે. ને જોનારને અપાર આશ્ચર્ય ઉપજાવશે.

તંત્ર ૩ જો.

કાચા ઘડામાં પાણી રહે.

કાચી માટીના ઘડાને કુવેરના રસનાં સાત પટ ભીના સુકી દીધાં પછી તેમાં પાણી ભરશો તોપણ ઘડો ફુટશે નહી. પણ સંભાળ રાખવી કે તે પાણી કોઇના પીવામાં જાય નહીં.

તંત્ર ૪ થો.

ચાળણીમાં પાણી રહે.

ગુંદાના રસનો પટ ચાલણીમાં દેઇ તેને સુકવી નાંખી પછી તેમાં પાણી ભરસો તો તેમાંથી એક ટીપું પાણી પણ સોય પડશે નહીં.

તંત્ર ૫ મો.

સ્પીરીટ ઓફ વાઇનમાં મીયુરી આફ કોપર નાંખી તે સળગાવવાથી લીલા રંગનું બળતું થશે.

૫૦	૪૯૬	૫૦૧૩
૫૦૨	૫૦૦૧	૪૯૮
૪૯૨	૫૦૪	૪૯૯

અગ્નિમાં તપાવે તો શત્રુને તાવ આવે. ગોરૂ ચંદન અને કસ્તુરીથી લખીએ અને તેને મુઠીમાં રાખી જે જે કામ કરીએ તે સિદ્ધ થાય. આ યંત્ર નદી કાંઠે બેસીને અષ્ટ ગંધથી લખીએ અને એકવીશ દીન અલુણું ખાય અને સ્ત્રીનું મુખ ન જુએ એમ એકવીશ દીન લગી સવા લાખ વાર લખવો. એમ કરતાં છેલ્લે દીવસે જે જંત્ર લખીએ તે નદીમાં મુકીએ તે પાછો આવે તેને પકડી રાખી એક માદળીઆમાં ઘાલી હાથે બાંધીએ તો જે કામ ચિંતવીએ તે થાય. એ યંત્ર સોનાના પતરા ઉપર કોતરાવીને પુજા કરીએ તો મહા રાજ્ય ભોગવે. એ યંત્ર સ્ત્રીને ગળે બાંધે તો પુત્ર થાય. એ યંત્ર ગોરો ચંદન અને હીંગળોકથી પ્રતિષ્ઠા કરાવીએ. જે દિવસે લખીએ તે દીવસે ઉપવાસ કરાવીએ તથા અલુણું ખાય, રેશમનું લુગડું પહેરી પવિત્ર થઇને લખે ને માથે રાખે તો મહા વશીકરણ થાય તથા ભુત પ્રેત લાગે નહીં ને જે હોય તે નાશી જાય. ઇતિ વીસાયંત્રની વિધી સંપુર્ણ. સાધન પછી કામ લાગે સહી. તેનું સાધન માંહી નદીનું લખેલું છે તે મુજબ કરવું.

મંત્ર.

ओम् ऐँ ह्रीं त्रिपुरी सर्वजन वसी कुरु कुरु स्वाहा:

ક્રિયા—આ મંત્ર ચોવીસ હજાર જપ દેઇ પાઠ કરવો.

જ્યાં સુધી બેસીને જપ કરીએ ત્યાં સુધી કોઇની સાથે વાત ચીત કરવી નહીં તથા ઉઠવું નહીં ને દેવીને કોરો સિંદુર ચડાવવો. પછી જપ પુરો થાય એટલે તે સિંદુર બધો ભેગો કરીને લઇ લેવો ને પછી જેને તે અડાડીએ તે વશ થાય. મંત્રનો જપ થાય ત્યાં સુધી ઘીનો અને ગુગળનો ધુપ ચાલતો રાખવો જોઇએ.

તંત્ર ખેલ.

વીંછી ઉત્પન્ન કરવાની ક્રિયા.

મયુરસલા, અરકફુળની બીજ, પાણીમાં પલાળીએ ને પછી લીંબપત્ર છાંટીએ તો વીંછી થાય.

કાનખજુરા ઉત્પન્ન કરવાની ક્રિયા.

મયુરસલા, અરકફુળની બીજ, પાણીમાં પલાળીએ અને પછી સંદેસરાના પત્ર છાંટીએ તો કાનખજુરા થાય.

કબુતર કરવાની ક્રિયા.

મયુરસલા, અરકફુળની બીજ, પાણીમાં પલાળી પછી સેવંતી છાંટીએ તો પારેવાં (કબુતર) થાય સહી.

કામોત્તેજક ઉપાય.

ધંતુરાનું મુળ નક્ષમની દીવસે પુર્વ સામું મુખ કરીને લેવું ને હાથે બાંધેલો જ્યાંસુધી તે બાંધ્યું રહે ત્યાં સુધી

ઘાત છુટે નહીં પણ જ્યારે તે છોડે ત્યારેજ ઘાત છુટે.

લડાઈ લગાડવાની રીત.

રવીવાર અથવા મંગળવારને દિવસે પુષ્પ નક્ષત્ર હોય તે દિવસે કાળા કુતરાના બે દાંત ઉપર શીંદુર લગાવી એક ગલાશમાં મુકવા અને બે દાંત ઘોડાના તથા બે દાંત બકરાના લાવીને એક ગલાસમાં સીંદુર લગાવીને અને એક ગલાશમાં ઘેટાના અને બીજા ગલાશમાં બકરા ૧ દાંત મુકીને ઉત્તર તથા દક્ષિણ બે બાજુમાં એક હાથને છેટે મુકવા અને અને બીલાડા અને કુતરાના દાંતનો પ્યાલો વચ્ચે મુકવો પછી તેને ચામડાના ધુપ દેવા એટલે બન્ને બાજુ વાળા પ્યાલા લડશે અને વચ્ચે મુકેલો પ્યાલો તેમની ભાંજગડ પટવી છોડાવશે.

લીંબુનો રસ ઉડે.

એક શીશીમા લીંબુનો રસ ભરી પછી તેમાં પીળી કોડીની રાખ થોડી નાંખી શીશીનું મ્હો આંગળીથી બંધ કરવાથી તે રસ ઉડી જશે.

જનાવર પકડવાની રીત.

હીંગને ખુબ બારીક વાટી તેને પાણી સાથે મેળવી તે પાણીમાં રાત્રે ઘઉં પલાળી બીજે દિવસે તડકામાં સુકવવા પછી જ્યારે જનાવર પકડવું હોય તેને તે ઘઉં ખાવા

નાંખવા. તે જ્યારે તે ઘઉં ખાશે કે તરત તેને નીંદ્રા આવશે તે વખતે તેને પકડી લેવું પછી તેને ઉના પાણીથી નવરાવવું એટલે તેની ઉંઘ ઉડી જશે અને પાછું સાવચેત થશે.

વાંઝણી સ્ત્રીને પુત્ર પ્રાપ્ત થાય.

કોઇપણ બાળકની નાર વાંઝણી સ્ત્રીના ખાવામાં આવે તો તેને પુત્ર પ્રાપ્તી થાય છે.

દરદીનું દરદ જાય.

અને કોઇપણ દરદી તે નાર પોતાની પાસે રાખે તો દરદ વગર ઔષધે મટી જાય.

બંધીવાન બંધનમાંથી મુક્ત થાય.

તેમ એ નારના પ્રતાપે બંધીવાન માણસ પાસે રાખે તો બંધનથી તાકીદે છુટો થાય.

પેટમાંના શુળનો ઇલાજ.

શીયાળની નાભીને કાતરથી કાતરી લાવીને ગોળમાં ભેળવી તેની ચાર ગોળી કરવી અને તેના પાણી સાથે તે ગોળી ખવડાવવાથી અવસ્ય આરામ થશે એક ગોળીથી ન થાય તો બીજી ગોળી ખવરાવવી.

દીવામાં પતંગીયાં ન પડે.

દીવો કરવાના કોડીયાની અંદર કોડી અથવા કુંગળી

નો કટકો મુકવાથી જીવજંતુ તેમાં પડતાં નથી ને પાસે પણ જતાં નથી.

દેવતા દેખાય.

અંકોલના ફુલનું તેલ કાઢીને મગરકા ફુલનું ચુરણ એકઠું કરીને આંખોમાં આંજે તો દેવતા દેખાય.

પીતૃ દેખાય.

રવીવારના દીવસે ગધાડાનું મુતર ઝીલી લેવું ને તે મુતરને આંખ્યોમાં આંજવાથી પિતૃ દેખાય.

ગુપ્ત ધન જણાય.

અગાઉ ઘરમાં છાની જગ્યાએ ધન દાટવાનો રીવાજ વધુ હોવાથી હાલમાં ઘણાં જુના ઘરોમાંથી અચાનક ધન હાથ લાગે છે. તે જાણવાની રીત એછે કે લાલ પુંછડીની બામનીનું લોહી તથા મનશુહુ એ બન્નેને વાટીને અંજન કરે તો દાટેલું ધન માલમ પડે.

બીજો ઉપાય.

કાળી મરઘી જેનું માંસ પણ કાળું રહે છે તેની ચરબીને આંખ્યોમાં આંજવાથી પણ માલમ પડે.

ભુતને ભગાડવાની કળા.

કાળા ધંતુરાની જડ રવીવારને દીવસે લાવીને જેને ભુત આવ્યું હોય તેના હાથે બાંધવાથી તરત ભુત ચીચીયારી પાડી ત્યાંથી ભાગી નાશી જાય.

મુઠ ચોટ લાગે નહીં.

કૃતકા નક્ષત્રમાં લોઢાની કડી કરાવીને હાથે ઘાલે તો

તેને કોઇની પણ મુઠ ચોટ લાગેજ નહીં.

વીંછીનું ઝેર ઉતરે.

જે માણસને વીંછી કરડયો હોય તેને નવસાર ને ચુનો મળવીને સુંઘાડે તો તરત ઝેર ઉતરી જાય અને આરામ થાય.

દેવતા ઝાલે પણ દાઝે નહીં.

ઘેટાની ચરબી હાથે ચોપડીને મસળીને અગ્નિ ઝાલે તો દાઝે નહીં.

ઝાડને મારવાનીરીત.

પારાને પાણી સાથે મેળવી ઝાડના મુળમાં નાખવાથી તે ઝાડ સુકાઇને મરી જસે.

૭૨	૮૧	૩૩	૪૨
૯૮	૮૨	૯	૧૧
૨૫	૩૭	૪૯	૫૦
૪૫	૨૭	૯	૧

વિધી—આ જંત્ર તાંબાના પતરામાં લખી બાળકની કોટે બાંધે તેને કદાપી કોઇ ખરાબ માણસની નજર ન લાગે

વશીકરણ મંત્ર.

सती सती महा सती तंत बाबरा भुत लइ पर-
णाव्या भेरवकुं हाथ काटे ने शीश घुणे हाथे का-

ळी हांडी फलाणी आवे तो सही नहींतो मरे माथे काळी भेरव फरे सतीका शब्द मसाणका आसन वाचा चुकी कवाचा करे तो लुंणी चमारना कुंडमां पडे फळो मंत्र इश्वरीं वाचा.

સાધના.

કાળી ચતુર્દશીની રાત્રે જ્યાં સતીનો પાવળીયો (ખાંભો) હોય ત્યાં કાળું માટીનું ઠામ તથા સવા મુઠી ચોખા લઇ જવા ચોખા રાંધી ગુગળનો ધુપ કરી ચોખા લઇ પાવળીયાને મારવા; ચોટે તે ચોખા નોખા રાખવા ને હેઠા પડી ગયેલા ચોખા પણ લઇ નોખા રાખવા. ચોટી ગયેલા ચોખામાંથી ઉપરના મંત્રે ૭ વાર મંત્રી ખવરાવે તે વશ થાય ને બીજા ચોખા ખવરાવવાથી પ્રીત ત્રુટે.

ઢોરોને ખરવાસ થાયછે તેનો મંત્ર.

ऊंकार समुद्रकार सती। गौ चरावे गोरख जती॥ पके नजीव्हा फटें न खरी लाल गोवाळनी वाचा फणी फळो मंत्रा इश्वरी वाचा.

સાધના.

કાળી ચતુર્દશીના રોજ હનુમાન આગળ કહેવો વાર ૧૦૮ ધુપ ગુગળનો દેવો. ખાવાનું તેલ તથા મોર-પીંછના ચાંડલા મંત્રી ખરવાહ થયેલા ઢોરને ખવરાવવા તેથી આરામ થાય છે.

વીંછીનો મંત્ર.

बौसमीला रहेमान रहीम शहा अब्रीसाफा।

સાધના.

રોજા મહીનામાં ૨૭ મું રોજું આવે તે દીવસે રાત્રે ધુપ લોબાનનો કરી ભણવો મંત્ર વાર ૨૭. પછી જેને વીંછી કરડયો હોય તેને જ્યાંસુધી વીંછી ચડયો હોય ત્યાં બીજા આદમી પાસે બે હાથે પકડાવી ઉપલો મંત્ર ત્રણવાર મનમાં ભણી શરીર પકડનારને ત્રણવાર પુછવું કે પકડયો તે કહે પકડયો ત્યારે છોડી દેવાનું કહેવું ને વીંછી કરડયો હોય તેને પુછવું કે કયાં આવ્યો તે જ્યાં વીંછી આવ્યાનું બતાવે તે જગ્યા ફરીથી પકડાવી ઉપર પ્રમાણે કરવું. આમ ત્રણ વખ્ત કરવાથી વીંછી ડંખમાંથી જતો રહે છે. આ મંત્ર અમારો અજમાવેલો છે.

સાપનો મંત્ર.

खेरापांणी खेराइश जीसकु काटा होय निर्विष होय निर्विष होय निर्विप वीष सापनका केसा हाक मारे नबी महमद ऊतरजा घर बेठा मण माथे ठेरा निर्विख करे खुदा होय निर्विष होय निर्विष.

સાધના.

૨૭ મા રોજાને દીન હુપ લોબાનનો કરી કહેવો વાર ૨૭. જેને સાપ કરડયો હોય તેની આગળ ન્હાઇ કરી એક કોરા ઘડામાં ચોખ્ખું પાણી ભરી ઉપરના મંત્રે ત્રણવાર પાંણી મંત્રી આંખમાં છાંટવું જેને સાપ કરડયો હોય તે ધુણવા માંડશે ને છેવટ એરૂની પેઠે પેટે ચાલી જે તરફ એરૂ ગયો હશે ત્યાં જશે ને દરપાસે જઇ પોતાની મેળે ઉભો થઇ જશે વિષની અસર જરાપણ રહેશે નહીં.

હરેક પ્રકારના વિષ માટે આકસીર ઇલાજ—ખાખરાના મુળની છાલ, આકડાના મુળની છાલ, અરીઠાની છાલ, ગાવસુકણાનાં મુળ, મીઢાળ, મોરથુથુ, સાકર, એ સમભાગે લઇ ખાંડી ફાકી કરી રાખવી. જેને જનાવરે ડંસ દીધાથી કે વિષ ખાધાથી ચડયું હોય તેને ઉપરની ફાકીમાંથી ફાકી રૂપૈઆ અરધાભાર દુધની અંદર દેવી જેથી ઉલટી થશે અને તમામ વિષનાં કોકડે કોકડાં નીકળી જશે ઘી પાવા થી ઉલટી બંધ થશે. આ ઇલાજ અતિ ઉપયોગી છે અનેક વખત અજમાવી જોયા છે. ને તેમાં ફતેહ મેળવી છે.

સિદ્ધ જવરાંકુશ (તાવને માટે.)

કુંડળીયા.

नंद भाग हरिताल नीगम मुक्तीको चुनो॥

तीथ चंद्र मीत पीस कुमारीरस दे दुनो॥
गजपुत अग्नी पंकाय स्वांगसीतल त्रीगुंजा॥
खांड संग जो खात नाश करत जवर पुंजा॥
सदुग्ध योदन भोजन करे तो सब जवर स-
रवरी ओतो सुरहे ॥
कंश दर्वश केशव चले संग सखा अक्रूरहे॥

ટીકા.

નવ ભાગ વરકી હડતાલ અને બે ભાગ મોતીની છીપનો ચુનો અને એક ભાગ મોરથુથુ, કુમારનો ગર્ભ, એ બધાથી બમણો. લેવો પછી તે સઘળાંને જેમ મીત્રની પ્રીતી એક એકમાં દ્રઢીત થાય છે તે પ્રમાણે એક રસ ખરલ કરવાં અને ત્યારબાદ તેનો ગોળો કરી બે શ્રાવલાંની અંદર તે ગોળો મુકી કોડીયાને કપડમટી કરી ગજપુટ ખાડો ખોદી તેમાં અડાયાં છાણાં અરધો ગજ પુરી વચમાં ઉપલું સંપુટ મુકી પાછાં છાણાં ભરી સળગાવી દેવું જ્યારે ભઠીની આગ ઠરી જાય ત્યારે સંપુટ કાઢી તેમાંથી તૈયાર થયેલો જવરાંકુશ કાઢી લઇ શીશીની અંદર ભરી લેવો તેમાંથી એક વાલ જવરાંકુશ અને એક વાલ ખાંડ બંને સાથે મીશ્ર કરી તાવવાળાને સવારના પહોરમાં દેવું ને તુરત ચોખાને દુધ ઉપર મોળાં ખવરાવવાં તો ગમેતેવા પ્રકારનો તાવ હશે તો પણ જતો રહેશે. તાવ એ એક રાત્રી જેવો

છે અને આ જવરાંકુશ તે સુરવીર જેવા છે. જ્યારે આમ કહેવામાં આવ્યું છે ત્યારે કોઇપણ વિદ્વાનના મનમાં શંકા લેવાપણું થાય કે જ્યારે જવરાંકુશને શુરવીર જેવા ને તાવને રાત્રી જેવા ગણ્યા છે ત્યારે ખાંડની સાથે ખાવાની શી જરૂર હતી? શુરવીર હોય તે કોઇનું વળાવું લે નહીં અને આ જવરાંકુશ તો ખાંડનું વળાવું લેછે ત્યારે તે શંકા દુર કરવા માટે કહેવામાં આવ્યું છે કે જ્યારે શ્રી કૃષ્ણ કંશનું છેદન કરવાને ચાલ્યા ત્યારે પોતાના સખા તરીકે અક્રૂરજીને તેડી ગયા હતા. શું અક્રૂરજીને સાથે લઇ ગયા નહીં હતે તો શ્રી કૃષ્ણ કંશને મારી શકત નહી? પરંતુ દરેક કૃત્ય સખાની સહાયથી પુર્ણ રીતે પાર પડે છે કે સુંદરતાને આપે છે તેમ ખાંડ એ આ જવરાંકુશના એક સખા છે.

બ્રહ્મ મુહૂર્તમાં નાકે પાણી પીવાના ફાયદા.

સવારના ચાર વાગ્યાને બ્રહ્મ મુહુર્ત કહે છે. તે મુહુર્તમાં મસ્તિકમાંથી અમૃત શ્રવે છે. માટે તે વખતે એટલે બરોબર બ્રહ્મ મુહુર્તમાં જો નાકે પાણી પીવાના મહાવરો રાખવામાં આવે તો શરીરના બાંધા સુદૃઢ થઇ નિરોગી કાયા (શરીર) થાય છે. નાકે પાણી પીવાનું કારણ એ છે કે મસ્તિકમાંથી શ્રવેલું અમૃત પાધરૂં પેટમાં જતું નથી. ને એક શિરાના મુખમાં જેવું તે શ્રવવા માંડે કે ત્વરાથી પડી જાય છે. સઘળું અમૃત પેટમાં કદી જતું નથી, પણ ખેચરી મુદ્રા સાધી હોય તેનાજ ચાખવામાં તે આવે છે. ખેચરી મુદ્રાની સાધના ઘણી કઠણ છે. ગુરૂ શિવાય કોઇપણ માણસે આ મુદ્રા શીખવાના પ્રયત્ન કરવા નહીં. પણ

બીજા માણસો કે જેણે ખેચરી મુદ્રા સાધી નથી તેમ) નાકે પાણી પીવાનો અભ્યાસ રાખવાથી ઘણા ફાયદા થાય છે. અમૃત શ્રવ્યા પછી ત્રિપંથ એટલે ત્રણ રસ્તા, બે નાકનાં નસકોરાંના અને એક બ્રહ્મરંધ્રનો. એમ જે ત્રણ રસ્તા છે તેને ત્રિપંથ કહે છે. તે લેપાયલું રહે છે. અને પાણી પીવાને લીધે લેપાયેલું સ્થાન ધોવાઇને પેટમાં જાય છે; તેમજ તે પાણી શરીરના સર્વે ભાગોમાં ભળીને પુષ્ટી આપે છે. આમ કરવાથી કોઇ વખતે પાણી પીવાનો અને અમૃત શ્રવવાનો સમય જો એક થઇ ગયો તો કદી ન ધારેલો ફાયદો એકદમ થઇ જાય છે, પણ આમ થવું તે પુર્વે જન્મના સંસ્કાર શિવાય બનવું અશક્ય છે. તોપણ કદી તેમ બને પણ ખરૂં. ખેચરી મુદ્રા જેણે સાધી નથી તેને આમ કરવું ઘણું ઉપયોગી છે. પણ જેણે સાધી છે તે તો આમ શું કરવા કરે?

ખેચરી મુદ્રા સાધવાની વિધી.

આ મુદ્રા જીભની નીચલી નસને કાપીને સંધાય છે. જીભની નીચલી નસ કામ જીભને પ્રતિદિન ખેંચતાં કપાળમાં અડે એવડી લાંબી કરી પછીથી જીભ વડે બ્રહ્મ મુહૂર્તમાં ત્રિપંથને ઢાંકી પરબ્રહ્મનું ચિંતવન કરતાં પદ્માસને બેસવું આ વખતે પણ શિરાનું મુખ ઉઘડેલું હોય છે પણ જે બારથી અમૃત શ્રવવાનું છે તેજ બાર જીભ વડે બંધ થાય છે એટલે મનુષ્યના મુખમાં અમૃતનો પ્રવાહ આવે છે, અને તેવડે તે અમ્મર થઇ શકે છે. પણ ગુરૂ વિના કોઇ પણ માણસે આ મુદ્રાને સાધવાની હઠ ન કરવી એ ફાયદા ભરેલું છે.

સમાપ્ત.

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર નમ્રતાપૂર્વક ખબર આપું છું કે નીચે લખેલાં તથા બીજાં દરેક જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે:—

	રૂ. આ. પૈ
દેવીપુત્ર બાબા મનજીની વાર્તા	૧—૮—૦
ચંડીપાઠ સટીક.	૧—૪—૦
દીલઆરામ ગાયન.	૦—૦—૬
નાજની બહાદુરનો કિસ્સો	૦—૦—૬
સખાવતનામા.	૦—૦—૯
મહંમદ હનીફનો કિસ્સો.	૦—૨—૦
શાહજાદી શકરપરીનો કિસ્સો.	૦—૨—૦
ચાર દરવેશનો કિસ્સો.	૦—૪—૦
[illegible] ખુરસમનો કિસ્સો.	૦—૪—૦
[illegible]ની ગાયન.	૦—૧—૦
[illegible]નો ભજાપો.	૦—૧—૦

આ સિવાય બીજી ઘણી જાતનાં પુસ્તકો મળશે, માટે જેમને જોઇએ તેમણે રોકડી કીમતે મગાવી લેવાં. આમદી લેનારને સસ્તે ભાવે આપવામાં આવશે.

લિ. મનસુખલાલ મગનલાલ.

ઠે. રીચીરોડ પતાસાની પોળ આગળ

એ. પાસે. દુ. નં. ૧૧૫.

અમદાવાદ.